# ‘મેઘદૂત’ના ઉત્તમ ગુજરાતી અનુવાદનો નવો અવતાર – સાંગિતીક રજૂઆત સાથે | પ્રફુલ્લ રાવલ

[**મેઘદૂત** : કાલિદાસ, અનુ. કિલાભાઈ ઘનશ્યામ, સંપાદન : રજનીકુમાર પંડ્યા, ચિત્રસંપુટ સાથે બે ઓડિયો સી.ડી., પ્રકાશક : કિંમત : સમગ્ર સેટ રૂ. ૫૯૫, માત્ર પુસ્તક રૂ. ૨૯૫]

મહાકવિ કાલિદાસ-વિરચિત ‘મેઘદૂત’ કાવ્યાનુરાગી ભારતીય લોકોના હૃદયમાં અનોખું સ્થાન ધરાવે છે. આ ખંડકાવ્યની મોહિની વર્ષો બાદ પણ એટલી જ પ્રભાવક રહી છે. મૂળ તો આપણા મહાકાવ્ય ‘રામાયણ’ પરથી કવિને આ કાવ્યનું વસ્તુ સૂઝ્યું હોવાનું મલ્લિનાથે નોંધ્યું છે. પરંતુ કાલિદાસની વિશિષ્ટ સર્જકપ્રતિભાએ એ કાવ્યની કળાત્મકતા કાવ્યરસિકો – કાવ્યજ્ઞોને અપાર આનંદ બક્ષતું રહ્યું છે. ‘મેઘદૂત’ની ખ્યાતિ ભારત બહાર યુરોપીય દેશોમાં પણ વ્યાપેલી છે અને સંસ્કૃતમાં એની લગભગ વીસેક ટીકાઓ લખાઈ છે. જેમાં મલ્લિનાથની ટીકાનું સાહિત્યિક મૂલ્ય અદકેરું છે. જેનો પાછળથી અનેકોએ ઉપયોગ કરીને ‘મેઘદૂત’ની કાવ્યકળા સમજવાનો પ્રયત્ન કર્યો છે. વળી આ કાવ્યની પ્રશંસા પણ એટલી જ થઈ છે તો ‘મેઘદૂત’ની શૈલીનું અનુકરણ કરીને પાર્શ્વાભ્યુદય, નેમીદૂત, પવનદૂત, હંસસંદેશ, મનોદૂત, શુકસંદેશ જેવી પંદરેક રચનાઓ રચાઈ છે અને એમ સંદેશકાવ્ય કે દૂતકાવ્યની પરંપરા ઊભી થઈ હતી. એ જ રીતે ગુજરાતીમાં પણ ‘મેઘદૂત’ના પ્રભાવ તળે, એની છાયામાં ‘માલતીસંદેશકાવ્ય’, ‘અનિલ દૂત’, ‘શશાંક દૂત’, ‘ચંદ્રદૂત’ જેવી રચનાઓ રચાઈ છે. વળી ઓગણીસમી સદીના અંતમાં ‘મેઘદૂત’ને ગુજરાતીમાં અનૂદિત કરવાનો પ્રારંભ થયો અને વીસમી સદીના અંત સુધીમાં એના અનેક  અનુવાદો ઉપલબ્ધ થયા – ગદ્યમાં ને પદ્યમાં. એમાં અત્યાર સુધીમાં શિખરે રહ્યો છે કિલાભાઈ ઘનશ્યામે કરેલો સમશ્લોકી અનુવાદ. આ અનુવાદ પ્રકાશિત થયો હતો ૧૯૧૩માં. એ પૂર્વે નવલરાય (૧૮૭૧), ભીમરાવ ભોળાનાથ (૧૮૭૯), હરિકૃષ્ણ બળદેવ ભટ્ટ, (૧૮૯૬), શિવલાલ ધનેશ્વર (૧૮૯૮), વિહારી (૧૯૦૮)ના પદ્યાનુવાદ થયા હતા. વળી એમ. જી. પંડિત (૧૮૯૬) અને મહાશંકર એલ. ભટ્ટ (૧૮૯૬)ના ગદ્યાનુવાદ પણ થયા હતા. કેશવ હ. ધ્રુવે અનુવાદનો પ્રારંભ કરેલો, પરંતુ એ પૂર્ણ થયો નહોતો. ગુજરાતી ભાષામાં કિલાભાઈ ઘનશ્યામનો અનુવાદ છઠ્ઠો હતો. હરિલાલ હર્ષદ ધ્રુવે પણ પૂર્વમેઘ અનૂદિત કરેલો. આ ક્રમમાં ન્હાનાલાલનો અનુવાદ આઠમા  ક્રમે હતો. લલિતે મંદાક્રાન્તામાં અનુવાદ કર્યાનું કિલાભાઈએ નોંધ્યું છે. બળવંતરાયે ૧૨ શ્લોકોનો અનુવાદ કર્યો હતો.  ૧૯૩૭માં ત્રિભોવન ગૌરીશંકર વ્યાસ પાસેથી ઝૂલણા છંદમાં અનુવાદ મળે છે. પૂજાલાલ ૧૯૩૯માં પોંડિચેરીમાં ‘મેઘદૂત’નો અનુવાદ કરે છે. ૧૯૫૬થી ૧૯૬૦ દરમિયાન અભ્યાસક્રમમાં ‘મેઘદૂત’ મુકાતાં છ ગદ્યાનુવાદ થાય છે. મનહરલાલ હરિહરરાય મહેતાનો પદ્યાનુવાદ ૧૯૪૨માં પ્રાપ્ત થયો છે. નટવરલાલ જાની, હીરાચંદ ઝવેરી, શંભુચન્દ્ર નાન્દી, કૃપાશંકર પંડિત ને બુલાખીરાય પંડ્યાના પદ્યાનુવાદ ૧૯૪૮થી ૧૯૬૪ દરમિયાન થયા છે. હેમંત દેસાઈના અનુવાદને યાદ કરવો પડે. ૧૯૬૮માં જયંત પંડ્યા અને સમશ્લોકી અનુવાદ આપે છે અને મનસુખલાલ સાવલિયાએ સમશ્લોકી – વિષમશ્લોકી અનુવાદ આપ્યો છે. ડૉ. ગૌતમ પટેલ અને પ્રો. કપિલરાય દવેએ પણ પદ્ય અનુવાદ  કર્યો છે. ૧૯૮૦માં પરમસુખ પંડ્યાએ ‘મેઘદૂત – એક રસદર્શન’ નામે મુક્ત ગદ્યાનુવાદ ચિત્રો સાથે આપ્યો છે. એમાં કનુ દેસાઈનાં બહુરંગી ચિત્રો પણ છે. આમ, ગુજરાતીમાં ‘મેઘદૂત’ના અનુવાદની પ્રક્રિયા છેક વીસમી સદીના અંત સુધી ચાલી છે.

ઈ.સ. ૧૯૧૩માં કિલાભાઈ ઘનશ્યામની ‘મેઘદૂત’ના અનુવાદની પહેલી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ. એક દાયકા પછી એની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ ત્યારે કિલાભાઈએ આ નશ્વર જગતમાં વિદાય લીધી હતી. પહેલી આવૃત્તિને પ્રસિદ્ધ થયે એક સદી થવામાં છે ત્યારે વિવિધ સાહિત્યિક પ્રકલ્પો સફળતાથી પાર પાડનાર રજનીકુમાર પંડ્યાએ હીરાલક્ષ્મી મેમોરિયલ ફાઉન્ડેશનના જનક કાવ્યગુણી શ્રી નવનીતલાલ આર. શાહના સહયોગથી કિલાભાઈ ઘનશ્યામના ગુજરાતી સમશ્લોકી અનુવાદને ‘પંડિતોની પોથીમાંથી બહાર કાઢીને લોકહૃદય સુધી પહોંચાડવાનો એક પ્રયાસ’ કર્યો છે. અને ‘મેઘદૂત’ની આકર્ષક મનોહારી આવૃત્તિ પ્રસિદ્ધ કરીને ગુજરાતી ભાષાના કાવ્યપ્રેમી વાચકોને કવિ કાલિદાસની આ પ્રશિષ્ટ કાવ્યકૃતિને સુલભ કરી આપી છે. આ મુદ્રિત આવૃત્તિમાં ચિત્રસંપુટ સાથે તેની બે ઓડિયો સીડી પણ સામેલ છે. ગુજરાતી ગાયક પ્રફુલ્લ દવેના સુમધુર કંઠે આ મેઘદૂત ગવાયું છે જેનું સંગીત આશિત દેસાઈએ આપ્યું છે અને વિવરણ વિદ્યુલ્લતા ભટ્ટના મધુર અવાજમાં રજૂ થયું છે. આમ આ એક વિશિષ્ટ પ્રકાશન બન્યું છે.

પ્રારંભે કવિવર ટાગોરના ‘પ્રાચીન સાહિત્ય’માંથી એક ખંડ સાથે ‘મેઘદૂત’ ફિલ્મનો સારાંશ ગીત રૂપે આપ્યો છે. ૧૯૬૦માં ‘મેઘદૂત’ની ટપાલ-ટિકિટ ભારત સરકાર દ્વારા બહાર પડી હતી તેના First day  Coverના બ્રોસરનું થોડુંક લખાણ છાપ્યું છે. રામેટેકની માહિતી અહીં સામેલ છે. કાલિદાસ સંસ્કૃત અકાદમી – ઉજ્જૈનનો પરિચય ડૉ. જગદીશ શર્માના માહિતીસૌજન્યથી મૂક્યો છે. ‘મેઘદૂત’ની આવૃત્તિ ને અનુવાદની માહિતી સાથે કાલિદાસની પ્રતિમાના ચિત્ર સાથે આછી જીવનરેખા દર્શાવી છે. કિલાભાઈનો સચિત્ર પરિચય અપાયો છે. સાથે ૧૯૧૩માં પ્રસિદ્ધ ‘મેઘદૂત’ની બીજી આવૃત્તિનું મુખપૃષ્ઠનું ચિત્ર મૂક્યું છે. ‘મારા હૃદયની વાત’ એ શીર્ષક તળે નવનીતલાલ શાહના આ પ્રકાશન કરવા માટેના વિચારો વ્યક્ત થયા છે. અહીં ‘મેઘદૂત’માં ઉલ્લેખિત સ્થાનો, વનસ્પતિઓ, પશુપક્ષીઓની યાદી સામેલ કરી છે. રામગિરિથી અલકા સુધીના મેઘમાર્ગનો નકશો સંપાદકની સૂઝને નિર્દેશે છે. કાલિદાસનાં ત્રણ મનોચિત્રો સાથે શ્લોકને અનુરૂપ ૧૪ રંગીન ચિત્રોનો સંપુટ આપ્યો છે. કનુ દેસાઈ, ફરીદ, કુમાર મંગલસિંહજીનાં ચિત્રો કાવ્યને આત્મસાત્ કર્યાની પ્રતીતિ કરાવે છે.

રજનીકુમાર પંડ્યાનું આ સંપાદન એમની શિષ્ટ સાહિત્યપ્રીતિને નિર્દેશે છે તો એમનો પરિશ્રમ અછાનો રહેતો નથી.

ગુજરાતી વાચકોને કવિ કાલિદાસની અપૂર્વ કાવ્યકૃતિને, ગુજરાતી ભાષાની ક્ષમતા દર્શાવતા અનુવાદ સાથે, સુલભ કરી આપી તે અભિનંદનને પાત્ર છે. કિલાભાઈના ભુલાતા જતા ઉત્તમ અનુવાદને પુનઃ આલોકિત કર્યો છે.